# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી મુજબનું જાહેરનામું
ક્રમાંક:ટ્રાફિક/ડાયવર્ઝન/સિમાડા ફ્લાય ઓવર બ્રિજ બાંધકામ/જાહેરનામું/૨૩૪૬ /૨૦૨૫

પોલીસ કમિશનર
સુરત શહેર, સુરત.
सत्यमेव जयते

પોલીસ કમિશનરની કચેરી
સુરત શહેર.
તા.૨૮/૦૨/૨૦૨૫

સુરત શહેર ખાતે આગામી તા.૦૧/૦૩/૨૦૨૫ ના રોજથી ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) લીમીટેડ નાઓ દ્વારા ગુજરાત મેટ્રોરેલની કામગીરી માટે સિમાડા ચાર રસ્તા ફ્લાય-ઓવર બ્રિજ ઉપર બ્રિજ બનાવવાની કામગીરી કરવા માટે સરથાણા નવજીવન સર્કલ તરફથી નાના વરાછા ઢાળ તરફ આવતા રોડ ઉપર સિમાડા ડી-માર્ટ સામે આવેલ ફ્લાય-ઓવર બ્રિજ તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૧૫/૦૩/૨૦૨૫ સુધી રાત્રીના ક.૨૩/૦૦ થી સવાર ક.૦૬/૦૦ વાગ્યા સુધી ૧૫ દિવસ માટે બંધ કરી, ફ્લાય ઓવર બ્રિજ ઉપરથી પસાર થતા તમામ પ્રકારના વાહન વ્યવહારને ડાયર્વઝન આપી કામગીરી કરવામાં આવનાર હોય, આ વિસ્તારમાં સરળ ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૧૫/૦૩/૨૦૨૫ સુધી રાત્રીના ક.૨૩/૦૦ થી સવાર ક.૦૬/૦૦ વાગ્યા સુધી સદર રૂટ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ મુકવો જનહિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, સરથાણા નવજીવન સર્કલથી નાના વરાછા ઢાળ તરફ આવતો એક તરફનો સિમાડા ફ્લાય-ઓવર બ્રિજ ઉપર તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૧૫/૦૩/૨૦૨૫ સુધી રાત્રીના ક.૨૩/૦૦ થી ક.૦૬/૦૦ સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર કરવા તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

## :: વૈકલ્પિક રૂટ ::

સરથાણા નવજીવન સર્કલ તરફથી નાના વરાછા ઢાળ તરફ સિમાડા ફ્લાય-ઓવર બ્રિજ ઉપરથી પસાર થતા તમામ પ્રકારના વાહનો સરથાણા ડી-માર્ટ સામેથી સહેજ ડાબેવાળી સિમાડા ફ્લાય ઓવર બ્રિજ નીચેથી સરથાણા જકાતનાકાથી સિમાડા ચાર રસ્તાથી નાના વરાછા ઢાળ તરફ જઇ શકશે.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ તા.૦૧/૦૩/૨૦૨૫ ના રોજ કલાક.૨૩/૦૦ તા.૧૫/૦૩/૨૦૨૫ ના ક.૦૬/૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૦૧/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
सत्यमेव जयते
સુરત શહેર, સુરત.

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર
સુરત શહેર

**પ્રતિ,**

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

**<u>સવિનય નકલ રવાના :-</u>**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઇન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)

(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)

(૨૦) જનરલ મેનેજરશ્રી, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ, સુરત.

પોલીસ કમિશ્નર
सत्यमेव जयते
સુરત શહેર, સુરત.